**JAYKISHAN DEVANI & CO.**
Advocates
322, THIRD FLOOR, PLATINUM, JAYSHREE ROAD, JUNAGADH
Phone : 0285-2650256, Mob. 99252 44164, 94264 44164
Visit us on : jaykishandevaniandco

Date : 12-02-2019

# —:: ટાઈટલ કલીયર સર્ટી. અને સર્ચ રીપોર્ટ ::—

આથી અમો નીચે સહી કરનાર જૂનાગઢના રહીશ **જયકિશન એમ. દેવાણી,** B. Com., LL.B. Advocate, રહે. કેર ઓફ જયકિશન દેવાણી એન્ડ કું., એડવોકેટસ, ૩૨૨, પ્લેટીનમ કોમ્પલેક્ષ, કાળવા ચોક, મહાસાગર ટ્રાવેલ્સ સામે, જૂનાગઢ વાળા આ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ નીચે મુજબની વિગતે આપવામાં આવે છે.

## — : ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરનારા : —

મે. વિ. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો.

૧. શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, ઉ.વ.આ. ૭૬, ધંધો—વેપાર,

૨. શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, ઉ.વ.આ. ૫૦, ધંધો—વેપાર,

૩. શ્રી દિલીપકુમાર મોહનલાલ મેધપરા, ઉ.વ.આ. ૬૨, ધંધો—વેપાર,

૪. શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા તરીકે), ઉ.વ.આ. ૪૫, ધંધો—વેપાર,

૫. વિવેક લક્ષ્મીદાસ આરદેશણા, ઉ.વ.આ. ૪૨, ધંધો—વેપાર,

રહે. બધા કેર ઓફ ૧૮/૧૯ દિક્ષા નગર, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ.

Jaykishan M. Devani * Advocate * G/539/2008

## — : મિલકતની વિગત : —

શ્રી ગુજરાત રાજયના જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢના મુખ્ય શહેર જુનાગઢ મહાનગરપાલીકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ ગામ મોજે ઝાંઝરડાના રેવન્યુ સરવે નં. ૩૪ પૈકીની એકર ૧—૩૯ ગુંઠા જમીન તથા ૩૫ પૈકીની એકર ૨—૩૬ ગુંઠા જમીન તથા ખરાબો એકર ૦—૦૧ મળી કુલ એકર ૪—૩૬ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીન જે હાલ "દિક્ષાનગર" ના નામથી ઓળખાય છે તે બીનખેતી થયેલ જમીનના મંજુર થયેલ લે—આઉટ પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯ ની જમીન

...૨...

Scanned by CamScanner

ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે તથા પ્લોટ નં. ૧૮ ની જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે મળી કુલ જમીન ચો.મી. ૬૬૦.૦૦ આશરે વાળી જમીન ઉપર મહાનગરપાલીકા કચેરી, જુનાગઢના બાંધકામ પરવાનગી નં. જે.એમ.સી./બી.પી./કોમર્શીયલ/૨૨૬/૨૦૧૮ તા. ૧૫–૦૬–૨૦૧૮ ના રોજથી બાંધકામ પરવાનગી આપવામાં આવેલ છે અને હાલ તેનું બાંધકામ ચાલુ છે અને બાંધકામ થઈ રહેલ મિલકત "ઓમ આર્કેડ" ના નામે ઓળખાય છે.

<u>વિગત :–</u>

(૧) જુનાગઢ તાલુકાના ગામ મોજે ઝાંઝરડા ગામના રેવન્યુ સરવે નં. ૩૪, ૫૭, ૫૯, ૬૧, ૬૦/૩, ૯૧ અને ૯૭/૧ ની જમીન કાનજીભાઈ પુંજાભાઈના નામે આવેલ હતી અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૧ થી તેઓના નામે થયેલ.

(૨) ત્યારબાદ ઉપરોકત સરવે નં. ૩૪, ૫૭, ૫૯, ૬૧, ૬૦/૩, ૯૧ અને ૯૭/૧ વાળી ખેતીની જમીનના માલીક કાનજીભાઈ પુંજાભાઈએ તેમની હૈયાતીમાં તેમના વારસ પુત્રોના નામે જમીન કરવા અરજી કરતા /૧/ કાનજીભાઈ પુંજાભાઈના ભાગે સરવે નં. ૩૪ ની એકર ૨–૩૯ ગુંઠા તથા સરવે નં. ૯૧ પૈકી ની એકર ૧૫–૨૫ ગુંઠા તથા સરવે નં. ૯૭/૧ ની એકર ૦–૦૮ ગુઠા તથા /૨/ પોપટભાઈ કાનજીભાઈના ભાગે સરવે નં.૫૯ પૈકીની એકર ૮–૦૦ ગુંઠા તથા સરવે નં. ૬૧ પૈકીની એકર ૬–૦૦ ગુંઠા તથા સરવે નં. ૯૧ પૈકીની એકર ૬–૦૦ ગુંઠા તથા /૩/ રવજીભાઈ કાનજીભાઈના ભાગે સરવે નં. ૫૯ પૈકીની ૪–૦૦ ગુંઠા તથા સરવે નં. ૬૦/૩ ની એકર ૫–૦૪ ગુંઠા તથા સરવે નં. ૬૧ પૈકીની એકર ૬–૧૭ ગુંઠા તથા સરવે નં. ૯૧ પૈકીની એકર ૪–૦૦ ગુંઠા તથા /૪/ રૈયાભાઈ કાનજીભાઈના ભાગે સરવે નં. ૫૭ પૈકી એકર ૧૪–૨૬ ગુંઠા તથા સરવે નં. ૯૧ પૈકીની એકર ૬–૦૦ ગુંઠા ભાગમાં આવેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૩૯૭ તા. ૩૧–૦૫–૧૯૭૦ ના રોજથી થયેલ.

Jaykishan M. Dalani * Advocate *

(૩) ત્યારબાદ સરવે નં. ૩૪ ની એકર ૨–૩૯ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીનના માલીક કાનજીભાઈ પુંજાભાઈએ તેમની માલીકીની આવેલ જમીન, તેમના બેન મણીબેન પુંજાભાઈ જોગ બક્ષીસ કરી આપેલ અને તે અંગેનું સોગંદનામું રેવન્યુ દફતરે રજુ કરતા સદરહુ જમીન મણીબેન પુંજાભાઈના નામે નામફેર કરવામાં આવેલ અને તે



Scanned by CamScanner

અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૪૮૭ તા. ૦૨–૦૮–૧૯૭૮ ના રોજથી થયેલ.

(૪) ત્યારબાદ સરવે નં. ૩૪ ની એકર ૨–૩૯ ગુંઠા વાળી જમીનના માલીક મણીબેન પુંજાભાઈનું તા. ૦૩–૦૯–૧૯૯૦ ના રોજ અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો તરીકે (૧) નાથાભાઈ ધરમશીભાઈ અને (૨) જીણીબેન ધરમશીભાઈને ઉપરોકત જમીન વારસાઈથી પ્રાપ્ત થયેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૮૫૪ તા. ૨૮–૦૯–૧૯૯૧ ના રોજથી થયેલ.

(૫) તેમજ જુનાગઢ તાલુકાના ગામ મોજે ઝાંઝરડાના રેવન્યુ સરવે નં. ૧૨, ૨૦ તથા ૩૫ ની જમીન જીવાભાઈ દેવજીભાઈના નામે આવેલ હતી અને તે અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નં. ૪૭ થી થયેલ.

(૬) ત્યારબાદ ઉપરોકત સરવે નં. ૧૨, ૨૦ તથા ૩૫ ની જમીનના માલીક જીવાભાઈ દેવજીભાઈનું અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો તરીકે (૧) અરજણભાઈ જીવાભાઈ તથા (૨) ધરમશીભાઈ જીવાભાઈને વારસાઈથી પ્રાપ્ત થયેલ અને તે પૈકી અરજણભાઈ જીવાભાઈનું અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો તરીકે સદરહુ જમીનમાંહેનો હકક–હિસ્સો–લાગ–ભાગ (૧) ભીખાભાઈ અરજણભાઈ તથા (૨) નરશીભાઈ અરજણભાઈને પ્રાપ્ત થયેલ. આમ, સદરહુ સરવે નં. ૧૨, ૨૦ તથા ૩૫ ની ખેતીની જમીન ધરમશીભાઈ જીવાભાઈ, ભીખાભાઈ અરજણભાઈ તથા નરશીભાઈ અરજણભાઈની માલીકીની બનેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૯૧ તા. ૦૬–૧૨–૧૯૫૬ થી થયેલ.

Jaykishan M. Desai * Advocate * G/5391 2008

(૭) ત્યારબાદ ઉપરોકત સરવે નંબરોવાળી ખેતીની જમીનના સહમાલીકોએ તેમની માલીકીની આવેલ જમીનની ઘરમેળે સમજુતીથી વહેંચણી કરતા (૧) ધરમશીભાઈ જીવાભાઈ તથા ભીખાભાઈ અરજણભાઈ તથા નરશીભાઈ અરજણભાઈના સંયુકત ભાગે સરવે નં. ૨૦ ની એકર ૦–૩૪ ગુંઠા તથા (૨) ધરમશીભાઈ જીવાભાઈના ભાગે સરવે નં. ૧૨ પૈકીની એકર ૯–૧૫ ગુંઠા તથા સરવે નં. ૩૫ પૈકીની એકર ૨–૩૭ ગુંઠા તથા (૩) ભીખાભાઈ અરજણભાઈ તથા નરશીભાઈ અરજણભાઈના સંયુકત ભાગે સરવે નં. ૧૨ પૈકી એકર ૯–૧૫ ગુંઠા તથા સરવે નં. ૩૫ પૈકીન એકર ૨–૩૮ ગુંઠા જમીન ભાગમાં આવેલ અને તે અંગેની નોંધ તેઓના નામે રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૩૬૭ તા. ૧૦–૦૮–૧૯૬૭ ના રોજથી થયેલ.

...૪...

Scanned by CamScanner

(૮) ત્યારબાદ સરવે નં ૧૨ પૈકી એકર ૯–૧૫ ગુંઠા તથા સરવે નં. ૩૫ પૈકી એકર ૨–૩૭ ગુંઠા મળી કુલ જમીન એકર ૧૨–૧૨ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીનના માલીક ધરમશીભાઈ જીવાભાઈનું તા. ૦૩–૦૭–૧૯૯૧ ના રોજ અવસાન થતા, તેમના સીધીલીટીના વારસદારો તરીકે નાથાભાઈ ધરમશીભાઈ તથા જીણીબેન ધરમશીભાઈને સદરહુ જમીન વારસાઈથી પ્રાપ્ત થયેલ અને તે અંગેની નોંધ તેઓના નામે રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૮૫૫ તા. ૨૮–૦૯–૧૯૯૧ ના રોજથી થયેલ.

(૯) ત્યારબાદ ઉપરોકત પારા–(૪) તથા (૮) માં જણાવેલી વિગતે, ઝાંઝરડા ગામના રેવન્યુ સરવે નં. ૩૪ પૈકી એકર ૧–૩૯ ગુંઠા તથા સરવે નં. ૩૫ પૈકી એકર ૨–૩૭ ગુંઠા મળી કુલ જમીન એકર ૪–૩૬ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન તેમના માલીક નાથાભાઈ ધરમશીભાઈ તથા જીણીબેન ધરમશીભાઈ પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ધોરણસર રજી.વે.દ.અનુ.નં. ૫૭૮ તા. ૦૬–૦૨–૧૯૯૨ ના રોજથી લવજીભાઈ દેવશીભાઈ તથા મધુભાઈ ગોવિંદભાઈ તથા બાબુભાઈ કરમશીભાઈ તથા ભીમજીભાઈ મેપાભાઈ તથા ધીરૂભાઈ કરમશીભાઈ તથા ચંદુભાઈ ચકુભાઈએ સંયુકત રીતે વેંચાણ રાખેલ અને તે અંગેની નોંધ તેઓના નામે રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૧૦૧૮ તા. ૨૧–૧૨–૧૯૯૨ ના રોજથી થયેલ.

(૧૦) ત્યારબાદ ઉપરોકત વિગતે ઝાંઝરડા ગામના રેવન્યુ સરવે નં. ૩૪ પૈકી એકર ૧–૩૯ ગુંઠા તથા સરવે નં. ૩૫ પૈકી એકર ૨–૩૭ ગુંઠા મળી કુલ જમીન એકર ૪–૩૬ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન તેમના માલીકો લવજીભાઈ દેવશીભાઈ તથા મધુભાઈ ગોવિંદભાઈ તથા બાબુભાઈ કરમશીભાઈ તથા ભીમજીભાઈ મેપાભાઈ તથા ધીરૂભાઈ કરમશીભાઈ તથા ચંદુભાઈ ચકુભાઈએ તેમની માલીકીની આવેલી ખેતીની જમીનને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા માટે તેનો ધોરણસર લે–આઉટ પ્લાન તૈયાર કરાવી શ્રી જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત કાર્યાલય, જુનાગઢને અરજ અહેવાલ કરતા અને તે અંગેનો ધોરણસર તુમાર ચાલી જતા છેવટમાં શ્રી જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત કાર્યાલય, જુનાગઢના બીનખેતી હુકમ નં. લેન્ડ/૧/૧૮૭૨/૨૦૦૦ તા. ૦૪–૦૯–૨૦૦૦ ના રોજથી સદરહુ જમીન રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપેલ અને સાથે રજુ રાખેલ જમીનનો લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ. સદરહુ બીનખેતી થયેલ જમીન હાલ "શ્રી દિક્ષા નગર" ના નામે ઓળખાય છે.

...૫...

Scanned by CamScanner

**(૧૧) પ્લોટ નં. ૧૮ ની વિગત :–**

ત્યારબાદ ઉપરોક્ત વિગતે બીનખેતી થયેલ જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૮ ની જમીન ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીન તેમના માલીકો લવજીભાઈ દેવશીભાઈ તથા મધુભાઈ ગોવિંદભાઈ તથા બાબુભાઈ કરમશીભાઈ તથા ભીમજીભાઈ મેપાભાઈ તથા ધીરૂભાઈ કરમશીભાઈ તથા ચંદુભાઈ ચકુભાઈના કુલમુખત્યાર દરજજે નયનકુમાર બાબુલાલ મકવાણા પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ધોરણસર રજી.વે.દ.અનુ.નં. ૧૫૦૫ તા. ૧૫–૦૩–૨૦૦૪ ના રોજથી શ્રીમતી મનિષાબેન દિનેશભાઈ શેરઠીયાએ વેંચાણ રાખેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૩૦૬૯ તા. ૦૫–૦૮–૨૦૦૬ ના રોજથી તેમના નામે થયેલ.

ત્યારબાદ સદરહુ પ્લોટ નં. ૧૮ ની જમીન તેમના માલીક શ્રીમતિ મનીષાબેન દિનેશભાઈ શેરઠીયા પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ધોરણસર રજી.વે.દ.અનુ.નં. ૨૪૯૪ તા. ૦૧–૦૫–૨૦૦૬ નારોજથી શ્રીમતિ સરલાબેન વલ્લભભાઈ દલસાણીયાએ અઘાટ વેંચાણ રાખેલ અને તે અંગેની નોંધ તેઓના નામે રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં.૩૧૫૮ તા. ૦૯–૧૧–૨૦૦૬ ના રોજથી થયેલ. ત્યારબાદ સદરહુ પ્લોટ નં. ૧૮ ની જમીન ચો.મી. ૩૩૦.૦૦ આશરે ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીન તેમના માલીક શ્રીમતિ સરલાબેન વલ્લભભાઈ દલસાણીયા પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ધોરણસર રજી.વે.દ.અનુ.નં. ૩૨૫૦ તા. ૩૦–૦૩–૨૦૧૨ ના રોજથી શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (એચ.યુ.એફ) એ ખરીદ કરેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૬૩૮૪ તા. ૨૨–૦૫–૨૦૧૩ ના રોજથી થયેલ.

ત્યારબાદ સદરહુ પ્લોટ નં. ૧૮ ની જમીન ચો.મી. ૩૩૦.૦૦ આશરે ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીન તેમના માલીક કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (એચ.યુ.એફ.) પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ધોરણસર રજી.વે.દ.અનુ.નં. ૪૩૪૦ તા. ૧૨–૧૦–૨૦૧૮ ના રોજથી સદરહુ મિલકતના હાલના માલીક વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા



Scanned by CamScanner

તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણાએ અઘાટ વેંચાણ રાખેલ તેમજ તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે ગામ નમુના નં. ૨ માં સદરહુ ભાગીદારી પેઢીના નામે થયેલ છે.

**(૧૨) પ્લોટ નં. ૧૯ ની વિગત :–**

ત્યારબાદ ઉપરોકત વિગતે બીનખેતી થયેલ જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯ ની જમીન ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીન તેમના માલીકો લવજીભાઈ દેવશીભાઈ તથા મઘુભાઈ ગોવિંદભાઈ તથા બાબુભાઈ કરમશીભાઈ તથા ભીમજીભાઈ મેપાભાઈ તથા ઘીરૂભાઈ કરમશીભાઈ તથા ચંદુભાઈ ચકુભાઈના કુલમુખત્યાર દરજ્જે નયનકુમાર બાબુલાલ મકવાણા પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ઘોરણસર રજી.વે.દ.અનુ.નં. ૧૫૦૬ તા. ૧૫–૦૩–૨૦૦૪ ના રોજથી શ્રીમતિ મઘુબેન રાજેશભાઈ શેરઠીયાએ વેંચાણ રાખેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૩૦૬૭ તા. ૨૮–૦૭–૨૦૦૬ ના રોજથી તેમના નામે થયેલ.

ત્યારબાદ સદરહુ પ્લોટ નં. ૧૯ ની જમીન તેમના માલીક શ્રીમતિ મઘુબેન રાજેશભાઈ પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ઘોરણસર રજી.વે.દ.અનુ.નં. ૨૪૯૫ તા. ૦૧–૦૫–૨૦૦૬ ના રોજથી શ્રીમતિ નયનાબેન મોહનભાઈ દલસાણીયાએ ખરીદ કરેલ અને તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે હકક પત્રક નં. ૬ માં નોંધ નં. ૩૧૫૯ તા. ૦૯–૧૧–૨૦૦૬ ના રોજથી થયેલ.

Jaykishan M. Devani * Advocate * G/5291/2008

ત્યારબાદ સદરહુ પ્લોટ નં. ૧૯ ની જમીન ચો.મી. ૩૩૦.૦૦ આશરે ક્ષેત્રફળ ધરાવતી ખુલ્લી જમીન તેમના માલીક શ્રીમતિ નયનાબેન મોહનભાઈ દલસાણીયા પાસેથી જુનાગઢ સબ–રજી. કચેરીના ઘોરણસર રજી.વે.દ.અનુ.નં. ૪૩૩૯ તા. ૧૨–૧૦–૨૦૧૮ ના રોજથી સદરહુ મિલકતના હાલના માલીક વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા



Scanned by CamScanner

તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણાએ અઘાટ વેંચાણ રાખેલ તેમજ તે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડઝે ગામ નમુના નં. ૨ માં સદરહુ ભાગીદારી પેઢીના નામે થયેલ છે.

તેમજ સદરહુ પ્લોટ નં. ૧૮ ના પુરોગામી માલીક શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા તેમજ પ્લોટ નં. ૧૯ ના પુરોગામી માલીક શ્રીમતિ નયનાબેન મોહનભાઈ દલસાણીયાએ સંયુકત રીતે બાંધકામ વિકાસ પરવાનગી મેળવવા મહાનગરપાલીકા કચેરી, જુનાગઢને અરજ અહેવાલ કરતા તેમની કચેરીના બાંધકામ પરવાનગી નં. જે.એમ.સી./બી.પી./કોમર્શીયલ/૨૨૬/૨૦૧૮ તા. ૧૫–૦૬–૨૦૧૮ ના રોજથી બાંધકામ મંજુરી આપવામાં આવેલ તેમજ સાથે રજુ રાખેલ બાંધકામ પ્લાન પણ તેઓની કચેરી દવારા મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ મિલકતના હાલના માલીક વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢી અને તેમના ભાગીદારો (૧) શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણાએ સદરહુ પ્લોટ નં. ૧૮ અને ૧૯ બાંધકામ મંજુરીના હકકો સાથે ખરીદ કરેલ અને આ રીતે સદરહુ મિલકતના હાલના માલીક યાને કે સદરહુ ભાગીદારી પેઢી બાંધકામ મંજુરી મુજબ બાંધકામ કરવા અધિકૃત છે.

Jaykishan M. Devani * Advocate * G/549/2006

(૧૩) આમ, ઉપરોકત પારા – (૧) થી (૧૨) ની વિગતે મુખ્ય શહેર જુનાગઢ મહાનગરપાલીકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ ગામ મોજે ઝાંઝરડાના રેવન્યુ સરવે નં. ૩૪ પૈકીની એકર ૧–૩૯ ગુંઠા જમીન તથા ૩૫ પૈકીની એકર ૨–૩૬ ગુંઠા જમીન તથા ખરાબો એકર ૦–૦૧ મળી કુલ એકર ૪–૩૬ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીન જે હાલ "દિક્ષાનગર" ના નામથી ઓળખાય છે તે બીનખેતી થયેલ જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯ ની જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે તથા પ્લોટ નં. ૧૮ ની જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે મળી કુલ જમીન ચો.મી. ૬૬૦.૦૦ આશરે વાળી સ્થાવર મિલકત વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢી અને તેમના ભાગીદારો (૧)



Scanned by CamScanner

શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણાની કબજા, ભોગવટા અને માલીકીની બનેલ.

**— : સદરહુ આખી મિલકતની ચતુ:સીમાની વિગત : —**

| | | |
|---|---|---|
| પુર્વે | :— | લાગુ જુનાગઢ બાયપાસ રોડ. મા. મી. ૧૦.૦૦ |
| પશ્ચિમે | :— | લાગુ ૭.૫૦ મીટર પહોળો રસ્તો. મા. મી. ૧૦.૦૦ |
| ઉતરે | :— | લાગુ પ્લોટ નં. ૨૦ ઉપર આવેલ સ્થાવર મિલકત. |
| દક્ષીણે | :— | લાગુ પ્લોટ નં. ૧૭ ઉપર આવેલ સ્થાવર મિલકત. |

**— : ઓપીનીયન :—**

(૧૪) ઉપર જણાવેલ ચતુ:સીમા અને વીગત વાળી મીલ્કત વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢી અને તેમના ભાગીદારો (૧) શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણા રહે. બધા જુનાગઢ વાળાની માલીકીની આવેલ છે અને તેઓના વકીલ તરીકે સદરહુ મિલકત અંગે છેલ્લા ત્રીસ વર્ષ એટલે કે સને ૧૯૯૦ થી ૨૦૧૯ સુધી સર્ચ ફી રૂપીયા ૨૬૦/— તથા રૂપીયા ૨૬૦/— અંકે કુલ રૂપીયા પાંચસો વીસ પુરાની પહોંચ નંબર — ૨૦૧૯૪૩૧૦૦૦૬૯૪ તથા ૨૦૧૯૩૩૦૦૦૦૨૯૨ તથા ૨૦૧૯૦૦૮૦૦૧૭૪૪ તારીખ ૨૮—૦૧—૨૦૧૯ તથા ૩૦—૧૦—૨૦૧૯ ના રોજ અરજી નંબર — ૩૨૪ તથા ૯૮૯ તથા ૨૩૬ તારીખ ૨૮—૦૧—૨૦૧૯ તથા ૩૦—૦૧—૨૦૧૯ થી સબ—રજીસ્ટ્રાર કચેરી જુનાગઢમાં સર્ચ કરતાં છેલ્લા ત્રીસ વર્ષ દરમીયાન સદરહુ મિલકત ઉપર કોઈ પણ જાતનો બોજો થયેલ નથી. કે ગીરો વ્યવહાર નોંધાયેલ નથી. આમ સંપુર્ણ પણે બોજા મુકત અને ચોખ્ખા ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે.

Jaykishan M. Devani * Advocate *



Scanned by CamScanner

(૧૫) સમગ્ર રીતે જોતા મુખ્ય શહેર જુનાગઢ મહાનગરપાલીકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ ગામ મોજે ઝાંઝરડાના રેવન્યુ સરવે નં. ૩૪ પૈકીની એકર ૧–૩૯ ગુંઠા જમીન તથા ૩૫ પૈકીની એકર ૨–૩૬ ગુંઠા જમીન તથા ખરાબો એકર ૦–૦૧ મળી કુલ એકર ૪–૩૬ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીન જે હાલ "દિક્ષાનગર" ના નામથી ઓળખાય છે તે બીનખેતી થયેલ જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૯ ની જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે તથા પ્લોટ નં. ૧૮ ની જમીન ક્ષેત્રફળ ચો.મી. ૩૩૦.૦૦ આશરેના ચો.વાર ૩૯૪.૪૭ આશરે મળી કુલ જમીન ચો.મી. ૬૬૦.૦૦ આશરે વાળી જમીન ઉપર બંધાઈ રહેલ કોમર્શીયલ બિલ્ડીગ કે જે **"ઓમ આર્કેડ"** ના નામે ઓળખાતા સમગ્ર પ્રોજેકટના ટાઈટલ વી. આર. ઈન્ફ્રાના નામે ચાલતી ભાગીદારી પેઢી અને તેમના ભાગીદારો (૧) શ્રીમતી નયનાબેન મોહનભાઈ દલસાણીયા, (૨) શ્રી રાહુલભાઈ મોહનભાઈ દલસાણીયા, (૩) શ્રી દિલીપકુમાર મોહનલાલ મેઘપરા, (૪) શ્રી કશ્યપ લક્ષ્મીદાસ આરદેશણા (તે એચ.યુ.એફ.ના કર્તા તરીકે) તથા (૫) વિવેક લક્ષ્મીદાસ આરદેશણા રહે. બધા જુનાગઢ વાળાના નામે કલીયર અને સ્પષ્ટ રીતે માર્કેટેબલ છે તેમજ વાંધારહીત અને બોજારહીત છે. આ ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મીલ્કતને લગતાં દસ્તાવેજી કાગળો જોઈ તપાસીને તથા જુનાગઢ સબ–રજીસ્ટ્રાર કચેરીમાં કરવામાં આવેલ સર્ચના આધારે આપવામાં આવેલ છે.

Jaykishan M. Devani Advocate G/5291 2008

સ્થળ : જુનાગઢ
તારીખ : ૧૨–૦૨–૨૦૧૯

Jaykishan M. Devani Advocate G/5291 2008

............................
(જયકિશન એમ. દેવાણી)
એડવોકેટ

Scanned by CamScanner

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં.34પૈકી અને 35પૈકી પ્લોટ નં.18 જમીન ચો.મી.330.00

Search in : ઝાંઝરડા /ZANZARDA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૩૩૦૦૦૦૨૯૨ | અરજી નંબર | ૨૩૬ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨૮ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ જયકિશન એમ. દેવાણી, એડવોકેટ, જુનાગઢ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો......... | |
| શેરોની નકલ કરવા માટે ફી......... | |
| ટપાલ ખર્ચ......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )......... | |
| શોધ અગર તપાસણી............Year: 2013 2014 | ૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )......... | |
| નકલ ફી ફોલીયો......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ......... | |
| કુલ એકંદરે રૂ. | ૨૦.૦૦ |

અંકે રૂપીયા વીસ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------- આવશે. કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF SUB-REGISTRAR OF JUNAGADH-2 (RURAL)

H. R. Dekivadia
સબ રજીસ્ટ્રાર
એસ.આર.ઓ - જુનાગઢ -2 Rural

Scanned by CamScanner

24

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. ૩૪ પૈકી તથા ૩૫ પૈકી

Search in : ઝાઝરડા /ZANZARDA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૦૮૦૦૧૭૪૪ | અરજી નંબર | ૯૮૯ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૩૦ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ જયકીશન એમ. દેવાણી એડવોકેટ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી............ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો............ | |
| શેરોની નકલ કરવા માટે ફી............ | |
| ટપાલ ખર્ચ............ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)............ | |
| શોધ અગર તપાસણી............Year: 1990 2012 | ૧૨૫.૦૦ |
| દંડ કલમ-૨૫............ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )............ | |
| નકલ ફી ફોલીયો............ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ............ | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૧૨૫.૦૦ |

અંકે રૂપીયા એક સો પચ્ચીસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF SUB-REGISTRAR OF JUNAGADH-1 TIMBAWADI

L J Sindhav
સબ રજીસ્ટ્રાર
જુનાગઢ-ટીંબાવાડી

Scanned by CamScanner